CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫

# અનોખા છે રીત રિવાજ

# મોર્ડન સુરતમાં પણ જાળવી રાખી પરંપરાઓને

Sાયમંડ અને ટેક્સટાઇલ સિટી સુરતમાં ઘણું સાંસ્કૃતિક વૈવિધ્ય જોવા મળે છે. અહીં મૂળ સુરતીઓની સાથે ઉત્તર, દક્ષિણ, પૂર્વ ભારતની પરંપરાઓનો પણ સમન્વય થયો છે. મૂળ સુરતીઓ ખત્રી, રાણા, મોઢ વણિક ઘાંચી, કોળી પટેલ આ સમાજના પોતીકા ઉત્સવો છે, રીતરિવાજો છે, પ્રથાઓ છે જે બીજા સમાજને અનોખા લાગે છે તો સુરતમાં વસેલા બંગાળી, તમિલ, તેલુગુ, મલયાલમ ઉડીયા, મહારાષ્ટ્રીયન, પંજાબી, રાજસ્થાની સમાજના લોકો પોતીકા ઉત્સવો જ્યારે પોતાના ટ્રેડિશન પ્રમાણે ઉજવે છે ત્યારે મૂળ સુરતીઓમાં તે ધ્યાનાકર્ષક બનતા હોય છે. આ પરંપરાઓ, ઉત્સવો સુરતને મીની ભારતની ઉપમા આપે છે. ડુમસના ગામોમાં ઢીંગલા ઢીંગલીના લગ્નની વિધિઓ જોવાનું ગમતું હોય છે તો બંગાળી સ્ત્રીઓની સિંદૂર ખેલા જોવા પ્રત્યે પણ આકર્ષણ જાગે છે. આવી કેટલીય પરંપરાઓ આધુનિક સુરતમાં દરેક સમાજે જાળવી રાખી છે. તેના વિશે જાણીએ...



## સુરતમાં પણ બંગાળી મહિલાઓ સિંદૂર ખેલાની રસ્મ નિભાવે છે

સુરત બંગાળી સમાજના પ્રમુખ બાસુદેવ અધિકારીએ જણાવ્યું કે, સુરતમાં લગભગ 12 જગ્યાઓ પર દુર્ગાપૂજાનું આયોજન મોટા પાયે થાય છે. દુર્ગાપૂજામાં વિજયાદશમીને દિવસે સિંદૂર ખેલાની રસ્મ થતી હોય છે. સુહાગન મહિલાઓ મોટાભાગે લાલ અને સફેદ કલરની સાડીમાં સજ્જ હોય છે. આ સુહાગન મહિલાઓ થાળીમાં દીપ, અગરબત્તી, ધૂપ, ગંગાજળ, મીઠાઈ, ફૂલ, સિંદૂર લઈને દુર્ગાપૂજાના મંડપમાં આવે છે. પહેલા 'મા' દુર્ગાની આરતી થાય, માતાને મીઠાઈ ખવડાવે, દૂધ પીવડાવે, પાન આપવામાં આવે. ત્યારબાદ મહિલાઓ એકબીજાને સિંદૂર પહેરાવે જેને સિંદૂર ખેલા કહેવાય છે. સ્ત્રીઓ એકબીજાને મીઠાઈ ખવડાવે અને નૃત્ય અને ગાયન કરે છે. હવે તો ગુજરાતી મહિલાઓ પણ સિંદૂર ખેલામાં ભાગ લેતી હોય છે.



## દિવાસાના દિવસે ઢીંગલા-ઢીંગલીના મેરેજ કરાવાય છે

ડુમસમાં રહેતા ઉન્નતિ પટેલે જણાવ્યું કે અમારા કોળી પટેલ સમાજમાં દિવાસાના દિવસે ઢીંગલા-ઢીંગલીના લગ્નનો ઉત્સવ મનાવવામાં આવે છે. મગદલ્લા, ડુમસ, ભીમપોર, ગવીયરમાં રહેતા કોળી પટેલ સમાજમાં ઢીંગલા-ઢીંગલીના લગ્નની વિધિ અસલ લગ્નની વિધિ જેવી જ હોય છે. કંકોત્રી તૈયાર કરાય, મંડપ મૂહુર્ત, હલ્દી અને મહેંદી સેરેમની થાય. વરઘોડો નીકળે, સાત ફેરા થાય અને જમણવાર પણ થાય છે. બાદમાં દરિયામાં ઢીંગલા ઢીંગલીનું વિસર્જન થતું હોય છે. વર્ષોથી ચાલતી આ પરંપરા પાછળ એવી માન્યતા છે કે આ ઢીંગલા ઢીંગલી દરિયામાં માછીમારી કરતાં ભાઈઓની રક્ષા કરે છે.



## નવરાત્રી દરમિયાન બથુકમ્મા ફેસ્ટિવલ ઉજવાય છે

રાજેશ્વરી રાવે જણાવ્યું કે સુરતમાં તેલુગુ સમાજના લોકો બથુકમ્મા ઉત્સવ નવરાત્રી દરમિયાન નવ દિવસ ઉજવે છે. તેમાં જાતજાતના ફુલોને શકું (ઢોલ કે પછી ટોપલી) ના આકારમાં ડેકોરેટ કરાય છે. પછી બધી મહિલાઓ પોતે ડેકોરેટ કરેલા ફુલોને સોસાયટી કે પછી મંદિરના પ્રાંગણમાં એકસાથે રાખે છે અને તેની ચારેકોર ગોળાકારમાં લોક નૃત્ય કરે છે જે એક પ્રકારે ગરબા જ હોય છે. આ તહેવાર એકતાનું અને મહિલાઓની શક્તિનું પ્રતીક ગણાય છે. સમાજના લોકો પર્વત પાટિયા સ્થિત બાલાજી મંદિરમાં એક સાથે ભેગા થઈ આ ફેસ્ટિવલને હર્ષોઉલ્લાસ અને ભક્તિભાવ પૂર્વક ઉજવે છે. આ ફેસ્ટિવલની શરૂઆત અમાસથી થાય છે અને સમાપન દશેરાના બે દિવસ પહેલા 'સદુલા બથુકમ્મા' સાથે થાય છે.

## સીમંતમાં ભાણા ભરવાની અનોખી વિધિ



પીનલબેન હલવાવાલા સુરતી મોઢ વણિક ઘાંચી સમાજના છે. તેમણે જણાવ્યું કે અમારા સમાજમાં સીમંતમાં ભાણા ભરવાની વિધિ થાય છે. તેમાં કેળના સ્તંભ બનાવાતા હોય છે. રન્નાદે માતાને તેડાવે. સીમંતની વિધિમાં 5 ધાન જુવાર, જવ, વાલ, દેશી ચણાને ટોપલીમાં વાવી જવારા તૈયાર કરાય તે કેળના બનાવેલા સ્તંભની વચ્ચે મુકાય છે. જે યુગલ માતા-પિતા બનવાના હોય તે યુગલ તેમના ઘરની સામેના ઓટલા પર મૂકેલા માતાને હાથમાં ઊંચકીને ઘરમાં લાવે. ઘરમાં સુંવાળી અને અડદની દાળના વડા તળવામાં આવે, દીવો બનાવાય, ચોટલો બનાવવામાં આવે, સોપારી હોય તેનો થાળ ભરાય. નવ ભાણા ભરવાના હોય જેમાં 18 સુંવાળી, 9 વડા, દીવો, ચોટલો, સોપારીની 9 ઢગલી કરાય. આ પ્રસંગમાં વ્હાઈટ કલરની સાડી હોય અને ચણિયામાં નાની ઘૂંઘરી હોય.

## વરઘોડો જોગવાની પ્રથામાં વરરાજાને પીવડાવાય છે ફાલુદો, પરોઢે 4 વાગે લગ્ન વિધિ



રાણા સમાજના અનિલાબેન રાણાએ જણાવ્યું કે અમારા સમાજમાં લગ્નમાં વરઘોડો જોગવાની પ્રથામાં લગ્નના દિવસે જ વરરાજા વરઘોડા સાથે નાની, કાકી, ફોઈ, માસી, મામીના ઘરે જાય ત્યાં વરરાજાને ફાલુદો પીવડાવાય અને વરરાજા સાથે આવેલા લોકોને આઈસ્ક્રીમ, સમોસા ખવડાવાય. ત્યારબાદ લગ્ન મંડપમાં પહોંચે ત્યારે રાતના 3થી 4 વાગે લગ્નની વિધિ થાય. મૂહર્ત તો આગલા દિવસનું હોય પણ મેરેજ મળસ્કે જ થતાં હોય. ઉપરાંત ઘોડિયે પારણે છોકરી જાય એમાં દીકરી ડિલિવરી કરવા 'મા' ના ઘરે આવે ત્યારબાદ બાળકના જન્મના 11, 13 કે 15 કે 17 મહિને દીકરી બાળક ને લઈને સાસરે જાય ત્યારે પિયર પક્ષના દીકરીને અને નવજાત બાળકને, સોનુ, કપડાં, ઘરનો સામાન આપતા હોય છે. અત્યારના સમયમાં સોના ચાંદીના ભાવ વધ્યા છે એટલે આ બધું દીકરીને આપવાનું હોય તે એકઠું કરવામાં ટાઈમ લાગે એટલે રાણા સમાજમાં ડિલીવરી બાદ દીકરીને સાસરે જતાં 11 કે 13 કે 17 મહિના પણ લાગી જતાં હોય છે.

## સેલા સાડીમાં રિયલ જરીનું વર્ક અને ખંડ ખાવાની પ્રથા

ખત્રી સમાજના વિનિતાબેન માતાવાલા જણાવે છે કે અમારા સમાજમાં પહેલાંના સમયમાં લગ્નમાં દીકરીને રિયલ જરીનું વર્ક કરેલી સેલા સાડી કે પટોળા આપતાં. જોકે હવે રિયલ જરી તો ખૂબ મોંઘી છે અને બધાને તે નહીં પોષાય એટલે કેટલાંક લોકો હવે ઈમિટેશન જરીના વર્કના સેલા કે પટોળા આપે છે. જે સ્ત્રીને બાળક નહીં થતું હોય તે ગોપીપુરામાં સ્થિત ગોરબાઈ માતાના મંદિરમાં આસો સુદ સાતમના દિવસે રાત્રે 12 વાગે ખંડ ખાવા જાય છે. આવું બીજા સમાજમાં પણ હોય છે પણ મોટાભાગે ખત્રી સમાજમાં હોય છે. ગોરબાઈ માતાના મંદિરમાં ચોસઠ ખંડ પુરાય. તેમાં બે સુંવાળી અને બે વડા હોય તેની પર દિવડી હોય. તેમાં દીવો સળગાવાય છે. જેને બાળક નહીં થતું હોય તે આ ખંડ ખાવા આવે. પછી માનતા પુરી થાય તો ઘોડિયું-પારણું અહીં ચઢાવે.



## પંગુની મહોત્સવ અંતર્ગત ભગવાન સુબ્રમણ્યમના કરાય છે લગ્ન



સુરતમાં રહેતા તમિલ સમાજના પી.રાજેશે જણાવ્યું કે, ડુમસ રોડ પર સ્થિત દત્તાત્રેય મંદિરમાં ભગવાન સુબ્રમણ્યમનું મંદિર છે. ત્યાં પંગુની મહોત્સવ અંતર્ગત ભગવાન સુબ્રમણ્યમ (કાર્તિકેય ભગવાન) ના દેવસેના સાથે ધામધૂમથી લગ્ન કરાવાય છે. લગ્નના એક દિવસ પહેલા રાત્રે મંડપ બાંધવામાં આવે છે. ભગવાન સુબ્રમણ્યમ (ભગવાન મુરુગન) અને દેવી દેવસેનાની મૂર્તિને સુંદર રીતે તૈયાર કરાય છે. મંગળસૂત્ર પણ સોનાનું હોય. લગ્ન પહેલા સમાજના લોકોની રેલી નીકળે છે. તમિલ ટ્રેડિશનલ પ્રમાણેનું ભોજન મહાપ્રસાદી રૂપે પણ કેળના પાન પર પીરસી પરંપરાને જાળવે છે. જે પરિવારના દીકરા કે દીકરીના લગ્નમાં ડીલે થતું હોય તેઓ આ પ્રસંગ દરમિયાન ઉપવાસ રાખે છે અને માનતા રાખે છે.

# સુરતી નારી સબ પર ભારી

# નવરાત્રીમાં રોજના મેકઅપ પર કરે છે છપ્પરફાડ ખર્ચો



અત્યારે તો 15 વર્ષથી લઈને 50 વર્ષ સુધીની મહિલાઓ અને યુવાનો ક્યારે નવરાત્રી શરૂ થાય તેની ચાતક નજરે રાહ જોઈ રહ્યાં છે. નવરાત્રીના પહેલા નોરતાથી જ ટ્રેડિશનલ ડ્રેસઅપ અને તેને છાજતું ગામઠી સ્ટાઇલનું મેકઅપ કરાવીને છવાઈ જવાની ઉતાવળ ખેલૈયાઓમાં જોવા મળી રહી છે. ખાસ તો બાળકીઓ અને યંગ એજની યુવતીઓ ટ્રેડિશનલ આઉટફિટ સાથે મેકઅપ કરીને જ ગરબે ઘુમતી પણ તે જાતે જ કરી લેતી. હવે જ્યારે સમય બદલાયો અને મેકઅપમાં પણ ખૂબ વેરિએશન આવતા થયા ત્યારે સિમ્પલ લુકમાં તો ગરબા રમવાની મજા હવેના સુરતીઓને નથી આવતી. પહેલાં ખેલૈયા યુવતીઓ ગાલ પર મોસ્ટલી બ્લેક કે વ્હાઇટ કલરના ટપકા (ડોટ્સ) કરાવતી જેનું આકર્ષણ તો હજી પણ યુવતીઓમાં છે. ખાલી લગ્નપ્રસંગ અને ખાસ ઓકેઝન પર જ્યારે પહેલા પાર્લરમાં જઈ મેકઅપ અને તેરડુ કરાવાતું ત્યારે નવરાત્રીના નવ દિવસ રોજ જ ડિફરન્ટ લુકમાં દેખાવા માટે હવે યુવતીઓ રોજ જ મેકઅપ આર્ટિસ્ટ પાસે મેકઅપ કરાવતી હોય છે. તેનું 9 દિવસનું પેકેજ જ લેવાનો ટ્રેન્ડ આવી ગયો છે. ચાલો જાણીએ આ ટ્રેન્ડ વિશે....

## જેવા જોઈએ તેવા મેકઅપ આર્ટિસ્ટ મળી રહે છે એટલે આ ટ્રેન્ડ આવ્યો


મેકઅપ આર્ટિસ્ટ તૃષ્ણા રંગૂનવાલાએ જણાવ્યું કે, નવરાત્રીમાં નવે નવ દિવસ ડિફરન્ટ દેખાવા માટે મેકઅપનો ટ્રેન્ડ આમ તો વર્ષોથી છે પણ પહેલાં જાતે નવા નવા ગેટઅપમાં તૈયાર થઈ જતાં અથવા દરેકને પોતાની મમ્મી તૈયાર કરતી. જોકે, હવે જમાનો આધુનિક બન્યો છે, હવે મેકઅપમાં પણ ઘણું વેરિએશન આવતા હવેના મેકઅપ આર્ટીસ્ટ અપડેટેડ રહેવાની સાથે ઘણા ક્રિએટીવ એક્સપરિમેન્ટ્સ કરતા રહેતા હોય છે. સાથે દરરોજ નવા આઉટફિટ્સ સાથે નવા લુક મળે એ માટે આ ટ્રેન્ડ ખાસ્સો વધ્યો છે. મેકઅપની ક્વોલિટી પ્રમાણે નવ દિવસના મેકઅપનું પેકેજ હોય. મિનિમમ 5 હજારથી લઈને 15 હજાર રૂપિયા સુધીનું મેકઅપનું પેકેજ નિર્ધારિત કરાતું હોય છે.



## જેવું ડ્રસિંગ તેવો મેકઅપ કરાવે છે


પ્રીતિબેને શાહે જણાવ્યું કે, નવરાત્રીમાં ડેઈલી ગેટઅપ અલગ દેખાય, હેયર સ્ટાઈલ અલગ દેખાય એટલે હું છેલ્લાં ઘણા વર્ષોથી નવરાત્રીના નવે નવ દિવસ બ્યુટીપાર્લરમાં મેકઅપ કરાવવા જાઉ છું. જે રિતનું ડ્રેસિંગ હોય તે રીતે ક્યારેક સ્મોકી આઇઝ કરાવીએ તો કોઈ વખત ડાર્ક, કોઈ વખત લાઈટ મેકઅપ કરાવીએ. મારો 9 દિવસના મેકઅપનો ખર્ચ 15 હજાર રૂ. જેટલો હોય. 9 દિવસનું પેકેજ મળતું હોય છે. મારો તો ચણિયા ચોળી, ખેલૈયા પાસ, મેકઅપ, નવરાત્રીના ત્રણ મહિના પહેલાં ક્લાસમાં પ્રેક્ટિસ કરવા જવું વગેરેનો લગભગ એક લાખ રૂપિયાનો ખર્ચ થઈ જાય. નવરાત્રી પતે એટલે મારું તો વરસ પૂરું થઈ જાય.

## આંખોના મેકઅપથી ડિફરન્ટ લુક આવે છે



આઈક મેકઅપથી આંખને ઘણી અલગ રીતે એક્પ્રેસિવ બનાવી શકાય છે આઈશેડો અને આઈલાઈનરથી લુક ચેન્જ થતો હોય છે. આઉટફિટને ધ્યાને લઈને આઈશેડો કરાવાય છે. નવરાત્રી પહેલાં હેયર સ્પા, હેયર સ્ટ્રેટ કરવા, હેયર કલર, હાઈલાઈટ્સ કરાવાય છે. હવે તો હેયર એસેસરીઝથી પણ લુક ડિફરન્ટ બતાવી શકાય. હેયરની સિલ્વર અને કલરફુલ એસેસરીઝનો ટ્રેન્ડ જોવા મળે છે. તૈયાર બજારમાં મળતી બિંદી સ્ટીક કરીને તેની આજુબાજુ બ્લેક, ગ્રીન, રેડ, બ્લ્યુ અને કલરફુલ આઈલાઈનરથી ડિઝાઈન કરાય છે. બ્લેક કલર લુકને એન્હાન્સ કરે છે જે બ્રાઈટ કલર નહીં કરી શકે.

## આઈલાઈનરથી ટેટૂ કરવાનો નવો ટ્રેન્ડ



પહેલા તો માત્ર ગાલ અને દાઢી પર એક ડોટ અને આંખો પાસે બે કે ત્રણ દોટ કરાવી પણ હવે આઈલાઈનર અને સ્કેચપેનથી નેક લાઈન, શોલ્ડર, સ્ટમક અને બેક પર આકર્ષક ટેટૂ કરાવવામાં આવે છે. તેમાં મોટાભાગે સંસ્કૃતમાં ઓમ, સ્વસ્તિક અને ત્રિશૂળનું ટેટૂ કરાવે. જેલ વોટર પ્રુફ આઈલાઈનરથી કરાવેલું ટેટૂ પરસેવામાં પણ બગડતું નથી પણ એવું જ રહે છે.